**કુલ ગુણ : 100**

# ગુજરાતી

**સમય : 3 કલાક**

સૂચના : (1) પ્રશ્નપત્ર પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. (2) પ્રશ્નમાં વિકલ્પ આંતરિક છે. (3) જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે. (4) લેખન સજ્જતા, ભાષાશુદ્ધિ અને મૌલિક લખાણને ગુણ પ્રાધાન્ય રહેશે.

## વિભાગ–A પદ્ય આધારિત

❖ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો એક ગુણ)** **(4)**

1. ગુજરાતી ભાષાના આદિ કવિનું નામ લખો.
2. 'રામબાણ' કાવ્યનું સાહિત્યસ્વરૂપ લખો.
3. શ્યામ સાધુ કવિના પ્રથમ ગઝલ સંગ્રહનું નામ લખો.
4. 'પથ્થર થરથર ધ્રુજે' કાવ્યના કવિનું નામ લખો.

❖ **નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. (દરેકનો એક ગુણ)** **(4)**

5. 'ભવના અબોલા' લોકગીતની નાયિકા કોને સંદેશો લઈ જવાનું કર્મ સોંપે છે?
6. ગોપી કયો નિયમ લે છે ?
7. કવિ નગરને કોની ઉપમા આપે છે ?
8. ફેમ થયેલા દાદા શું કરી શકતા નથી ?

❖ **નીચે આપેલા પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ટૂંકમાં જવાબ લખો. (દરેકના બે ગુણ)** **(4)**

9. 'દમયંતી સ્વયંવર' આખ્યાન ખંડમાં ચારેય દેવો એકબીજાને શા-શાશાપ આપે છે ?
10. ભાદરને કંઠે કપડાં ધોતી ભાણીની શી મૂંઝવણ છે ?

❖ **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના ચાર ગુણ)** **(8)**

11. 'અખિલ બ્રહ્માંડમાં' કાવ્યમાં નરસિંહ મહેતા પરમાત્માની સર્વવ્યાપકતા શી-શી રીતે સમજાવે છે? તે વિગતે જણાવો.
12. 'જુઓ' ગઝલનું સમગ્રલક્ષી ભાવદર્શન તમારા શબ્દોમાં લખો.

## વિભાગ–B ગદ્ય આધારિત

❖ **નીચે આપેલા પ્રશ્નોના માંગ્યા પ્રમાણે હેતુલક્ષી જવાબ લખો. (દરેકનો એક ગુણ)** **(04)**

13. 'સત્યાગ્રહાશ્રમ' પાઠનું સાહિત્ય સ્વરૂપ લખો.
14. ગાંધીજીની વિશ્વવિખ્યાત આત્મકથાનું નામ લખો.
15. 'ઈવા ડેવ' કોનું ઉપનામ છે ?
16. 'સૌજન્યશીલ પ્રભાશંકર' ચરિત્ર નિબંધના લેખકનું નામ લખો.

❖ **નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો.** **(04)**

17. ઉછીનું માગનારાઓમાં કયો ગુણ હોતો નથી ?
18. વિજુ કેટલું ભણેલી હતી ?
19. મણિભાઈને સરકારે જેલમાંથી શા માટે છોડી મૂક્યા?
20. લેખિકાએ અમરનાથ યાત્રા શાના દ્વારા કરી ?

❖ **નીચે આપેલા પ્રશ્નોના ચાર-પાંચ વાક્યમાં ટૂંકમાં જવાબ લખો. (દરેકના બે ગુણ)** **(4)**

21. ઉપાલિને પ્રથમ પ્રવજ્યા આપવાનો આગ્રહ શા માટે રાખ્યો?
22. શાક સમારતાં - સમારતાં ગાંધીજીએ વિનોબાને શું કહ્યું ?

❖ **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેકના ચાર ગુણ)** **(8)**

23. 'ખીજડિયે ટેકરે' નવલિકાના શીર્ષકનીયથાર્થતા સમજાવો.
24. 'યુધિષ્ઠિર યુદ્ધ વિષાદ' નાટકમાં રજૂ થતો યુધિષ્ઠિરનો વિષાદ તમારા શબ્દોમાં લખો.

**અથવા**

24. સામાજિક સમરસતાના નિર્માણમાં બબાસાહેબનું યોગદાન જણાવો.

## વિભાગ–C (પાઠ્યપુસ્તક આધારિત વ્યાકરણ)

❖ **નીચે આપેલા શબ્દોને સમાનાર્થી રૂપે સામસામે જોડીને લખો. (કોઈપણ ચાર) (દરેકનો અડધો ગુણ)** **(2)**

| | | | |
|---|---|---|---|
| 25. | પાવન | સમસ્ત | શુદ્ધ |
| 26. | આકાશ | પૃથ્વી | તમામ |
| 27. | આકાશ | નભ | રબરસ |
| 28. | વસુધા | મીઠું | ગગન |
| 29. | લવણ | પવિત્ર | ધરતી |

❖ **નીચેના વાક્યમાં રેખાકિંત સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ ન બદલાય તે રીતે ફરીથી લખો. (કોઈપણ ચાર) (દરેકનો અડધો ગુણ)** **(2)**

30. આ તો ગૌણ ભાષા છે.



Visit https://visionpapers.in For More Papers!!!

31. આ વિભાગ નૈસર્ગિક અને અફર છે.
32. તે અભિમાની છે.
33. ભગવાને સંમતિ દર્શાવી.
34. તમારી વાત સાચી છે.

❖ **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર) (દરેકનો અડધો ગુણ)** **(2)**

35. કન્યા પોતે વર પસંદ કરે તે માટે રચતો સમારંભ.
36. બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન કરતો ગ્રંથ.
37. જેનો અંત નથી તેવું.
38. શિક્ષિત વ્યક્તિઓનો આચાર.
39. લોકોને એકઠાં કરી સંયુક્ત બળ ઊભું કરવું તે.

❖ **નીચેના તળપદા શબ્દોના શિષ્ટ ભાષાના માન્ય અર્થ લખો. (દરેકનો અડધો ગુણ)** **(1)**

40. ઝાંપલી
41. વસ્તર

❖ **નીચે આપેલા શબ્દોની જોડણી સુધારો. (દરેક અડધો ગુણ)** **(1)**

42. સહાનૂભૂતી
43. પ્રતિનીધી અથવા આશીર્વાદ

❖ **નીચે આપેલા પ્રશ્નોના કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે જવાબ લખો. (કોઈપણ છ) (દરેકનો અડધો ગુણ)** **(3)**

44. મેં તો કાંચના કર્યા કમાડ. (વાક્યમાંથી વિશેષણ શોધીને લખો.)
45. ..... માર્ગ આપતાં ત્રણે ઘોડા એક હરોળમાં ચલાવી શકાતા. (ખાલી જગ્યામાં યોગ્ય વિશેષણ મૂકો.)
46. એ તો વ્હાલી ! અધમ ઉરનો સ્વાર્થકે સ્નેહગર્વ. (વાક્યમાંથી યોગ્ય નિપાત શોધીને લખો.)
47. પરમેશ્વર અહીં ............. છે. (ખાલી જગ્યામાં નિપાત લખો.)
48. યુવાન વકીલ અક્કલ વગરની શરતનું પાલન કરવા તૈયાર થયો. (વાક્યમાંથી કૃદંત શોધીને લખો.)
49. અહીં મળેલા બધા માણસો કરતાં હું વધારે પૈસાદાર હતો. (વાક્ય આપેલ કૃદંતનો પ્રકાર જણાવો.)
50. એક ટેટામાંનો એક દાણો........ ભાગો. (ખાલી જગ્યામાં યોગ્ય કૃદંતો મૂકો.)

❖ **નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (દરેકનો એક ગુણ)** **(2)**

51. મગજ બહેર મારી જવું.
52. લોહી ઉકળી ઊઠવું.

**અથવા**

52. હૃદયનો ભાર ઉતારવો.

❖ **નીચેના વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે જવાબ આપો. (દરેકનો એક ગુણ)** **(3)**

53. મેં તો એ પહેલાં ક્યારેય શાક સમાયું નહોતું. (લેખનરૂઢિ સુધારો.)
54. હું તમને બધી સગવડતા અપાવીશ. (વાક્યમાં ભાષા શુદ્ધ કરો.)
55. પાંચમી ડોશીને વાસના જોવાની હતી પેઢી જ. (વાક્યના પ ક્રમ ગોઠવો.)

**અથવા**

52. મેનાના હાથથી સંચો નીચે પડ્યો. (વાક્યમાં પ્રત્યય સુધારો)

❖ **નીચે આપેલા સંયુક્ત-સંકુલ વાક્યોને સાદાં વાક્યોમાં ફેરવીને લખો. (કોઈપણ બે દરેકનો એક ગુણ)** **(2)**

56. અગ્નિની સાક્ષીએ જેમનું મિલન થયું હતું એ અગ્નિની સાક્ષીએ જ જુદાં પડી રહ્યા છે.
57. કાશ્મીરનો વૈશાખ એટલે બેસી ગયેલી વસંતઋતુ.
58. ઓરડો નાનો અને સાદો હતો પણ ખૂબ ચીવટથી સજાવેલો હતો.

❖ **નીચે આપેલા સાદા વાક્યોને સંયુક્ત કે સંકુલ વાક્યમાં ફેરવીને લખો. (કોઈપણ બે દરેકનો એક ગુણ)** **(2)**

59. દેવરાજ કેમ્પના સ્ટેશને ઊતર્યો. દેવરાજને સૌ પહેલાં એની બાની યાદ આવી.
60. તત્ત્વમસિ કાવ્યો લખે છે.
તત્ત્વમસિ નાટકો લખે છે.
61. તમે વીસ લાખનું જોખમ ઉઠાવો છો. હું મારી સ્વતંત્રતાનું જોખમ ઊઠાવું છું.

## વિભાગ–D (અર્થગ્રહણ)

❖ **નીચેનું પાઠ્યેતર કાવ્ય વાંચી સમજી અને આપેલા પ્રશ્નોના જવાબ લખો. (દરેકનો એક ગુણ)** **(5)**

દેશ તો આઝાદ થતાં થઈ ગયો, તે શું કર્યું ?
દેશ જો બરબાદ થતાં રહી ગયો.
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?
"લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, મામા-માસીના
કાળા બજારો, મોંઘવારી : ના સીમા ?"
રોષથી સૌ દોષ ગોખ્યા, ગાળથી બીજાને પોખ્યા.
આળ પોતા નેય શિરે આવે ન, જો ! તે શું ભર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હરપળે


Visit https://visionpapers.in For More Papers

સ્વાતંત્ર્યના ગઢ કાંગરા, કરાવત ગળે.
ગાફેલ,. થા હુશિયાર તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?
શી સ્વર્ગ દુર્લભમૃતિકાનો પુણ્યમય તુજ પિંડ છે.
હર એક હિંદી હિંદ છે, હર એક હિંદી - હિંદની છે જિંદગી
હો હિંદ સુરમિત અરવિંદ; એ સ્વાતંત્ર્ય દિનની બંગદગી.

- ઉમાશંકર જોશી

**પ્રશ્નો**

62. આઝાદી બાદ દેશની શી હાલત થઈ ગઈ છે ?
63. પ્રત્યે હિન્દીની ફરજ શું છે ?
64. કવિ દેશવાસી પારો કેવી અપેક્ષા રાખે છે ?
65. સ્વાતંત્ર્ય દિને કવિ શી પ્રાર્થના કરે છે ?
66. કાવ્યને યોગ્ય શીર્ષક આપો. ?

❖ **નીચે આપેલા ગદ્યખંડ વાંચી ઓપલા પ્રશ્નોના જવાબ લખો. (દરેકનો એક ગુણ) (5)**

સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર છે ને સારી માતાથી સારા પરિણામ અને નઠારાથી નઠારાં પરિણામ અનુભવાય છે. ત્યારે સિદ્ધ થાય છે કે માતાની સુબુદ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરુષોને સુશિક્ષણની જેવી ને જેટલી અપેક્ષા છે, તેવી અને તેટલી જ ઉપયોગી થાય છે. સ્ત્રીઓને પોતાના કામકાજમાં વ્યસ્ત રાખવાની ટેવ તથા સર્વવ્યવહારમાં દૂરદેશીપણું એ બે ગૃહ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે. એ સર્વ જેવી વદે તેવા શિક્ષણને તેનો ઘણો ઉપયોગ હોવા છતાં સ્ત્રી-પુરૂષ બંનેના વ્યાપાર સાધારણ રીતે જ જુદાં હોવાથી સ્ત્રી-પુરૂષના શિક્ષણના શિક્ષણ અમુક વય સુધી એક હોઈ શકે પણ પછી તે જુદું પડવું જોઈએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે, તેમ થવાથી દેશની ઉન્નતિના બીજ રોપાય છે, જે જે દેશ પાયમાલ થયા છે તે દેશમાં સ્ત્રી શિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાતી તેમ થયું છે. માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે. એમ જાણી જેમ બને તેમ દેશમાં સ્ત્રી સન્માનની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઈએ.

- મણિભાઈ નભુભાઈ દ્વિવેદી

**પ્રશ્નો**

67. ગૃહસંસ્કારનો આધાર કોના ઉપર છે ?
68. સ્ત્રી અને પુરૂષોના વ્યાપારો - વ્યવહારો કઈ રીતે જુદાં પડે છે ?
69. અમુક વય પછી સ્ત્રી શિક્ષણ અલગ કેમ પડવું જોઈએ? તેનાથી શા લાભ થાય છે ?
70. દેશની પાયમાલી પાછળનું કારણ કયું છે ?
71. ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

❖ **નીચેના ગદ્યખંડનો ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. (05)**

72. વ્યક્તિમાં શક્તિ હોય પણ એ શક્તિને ખીલવવાનો અભ્યાસ ન હોય, જ્ઞાન ન હોય તો એ શક્તિ ઉપકારક બનતી નથી. એ શક્તિ ખીલવવી હોય પણ એને સમાજહિતમાં જોતરવાની ભાવના ન હોય તો પણ એ ઉપકારક બનતી નથી. "અર્જુનમાં કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય થયો છે એટલે નમ્રતાનો ગુણ ખીલેલો છે. યુધિષ્ઠિર આદર્શમૂર્તિ હોઈ આપણને વંદનીય લાગે છે. ભીમ વાસ્તવિક મૂર્તિ હોઈ એને વખાણીએ તોયે એની અને આપણી વચ્ચે અંતર હોય તેમ લાગે છે. જ્યારે અર્જુનમાં આદર્શ અને વ્યવહારમાં મધ્યમાર્ગનું સંયોજન થયું હોઈ એના ઉપર વારી જઈએ છીએ. તે આપણને પ્રેરણા આપે તેવો ઊંચો હોવો છતાં તેને સ્થાને પહોંચી શકીએ તેવું બળ પણ આપે છે. આથી તે મહાભારતના સમાજનો વીર નાયક છે. એ કેવળ મહાભારતનો વિજેતા નથી પરંતુ જીવનનો વિજેતા શુદ્ધાં છે. આ ગુણો જ્યાં હોય ત્યાં વિજય, વિકાસ, સાચું રૂપ પ્રગટ્યા વિના જ રહે તે વ્યાસનો અર્જુન દ્વારા સંદેશ છે."

- ઈશ્વર પેટલીકર

❖ **નીચેના ગદ્યખંડને કાળકથન રીતિ અને વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો. (05)**

73. માણસના હૃદયમાં પણ દુકાળની ભીષણતા હોય છે. ત્યાં લીલી ધોને ઉગાડવી છે. માણસ પર પણ પડે છે. દુકાળ કાંઈ ધરતી પર જ નથી પડતો. બાપુ મારે માણસના મનમાં પડેલા દુકાળને દૂર કરવો બાપુ મારે માણસના મનમાં પડેલા દુકાળને દૂર કરવો છે. પોતે બહુ ભાવુક બનીને બોલી રહ્યો છે. "બાપુ પ્રભુ સ્નાતક થઈ જશે, એનો ખર્ચ ત્યાં કામ કરીને મેળવી લેશે, વલી મોટાભાઈ પણ એને થોડી રકમ મોકલે છે" અને બાપુ તો આવનારી આર્થિક સમસ્યાને કેમ પહોંચી વળાશે એની ચિંતામાં છે અને પછી એકાએક બેભાન થઈ ગયો. તે આગળ બોલ્યો.


Visit https://visionpapers.in For More Papers!!!

## વિભાગ-E (લેખન સજ્જતા)

74. તમે રહો છો તે વિસ્તારમાંથી ગંદકી દૂર કરવા તમારા શહેરની મ્યુનિસિપાલિટીના મુખ્ય અધિકારીને સંબોધીને અરજી લખો.

❖ **નીચેના પાઠ્યેતર ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** 05

75. આજે માતૃભાષાને સ્થાને અંગ્રેજી દ્વારા શિક્ષણ આપવાનું ફેશનરૂપ બનતું જાય છે. સામાન્ય વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમ બેવડી મુશ્કેલી ઉભી કેર છે. એક મુશ્કેલી વિદેશી ભાષા શીખવાની અને બીજી મુશ્કેલી એની મારફત વિષયને સમજવાની. માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય, તો બાળક માટે અભ્યાસ વધુ સરળ અને રસપ્રદ બને. માતૃભાષામાં અપાતા શિક્ષણ સાથે બાળક અંગ્રેજી ભાષા ક્રમશઃ શીખી શકે અને વયસ્ક થતાં સુધીમાં તેના પર સારું પ્રભુત્વ પણ મેળવી શકે. માતૃભાષાને જ શિક્ષણનું માધ્યમ બનવાય અને એ રીતે પ્રાદેશિક ભાષાઓનો પૂરતો વિકાસ અપાય તો શિક્ષણ ઓછું બોજરૂપ અને ઉપરથી કાર્યસાધક નીવડે.

**અથવા**

❖ **નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરી 'ભ્રષ્ટાચાર' વિશે એંશી શબ્દોમાં ભાવાત્મા ગદ્યમાં ફકરો લખો.**

75. શબ્દયાદી :

જૂનો રોગ : અપ્રમાણિક્તા - લાંચરુશત - સામાજિક જીવન પર અસર - રાજકારણીઓ - દરેક ક્ષેત્રમાં વ્યાપકતા - લાચારી - નીતિમત્તાનો અભાવ - ભ્રષ્ટાચાર એ જ સદાચાર.

❖ **નીચેનામાંથી કોઈ એક વિષય પર અશરે 200 થી 250 શબ્દોમાં નિબંધ લખો.**

76. પ્રકૃતિ મિજાજ બદલે ત્યારે... 10

પ્રસ્તાવના - પ્રકૃતિના સ્વરૂપો - રૌદ્ર સ્વરૂપો અતિવૃષ્ટિ - વાવાઝોડું - ભૂકંપ - સુનામી - ઉપસંહાર અથવા

76. મધ્યમવર્ગની હાડમારીઓ

પ્રસ્તાવના - સમાજના વર્ગો વધતી જતી મોંઘવારી- મધ્યમ વર્ગની અનેકવિધ સમસ્યા. **અથવા**

76. પ્રવાસનું મહત્ત્વ

પ્રસ્તાવના - એકધારા જીવનમાં પરિવાત જરૂરી - પ્રકૃતિની સુંદરતાનો અનુભવ - ઐતિહાસિક તેમજ ધાર્મિક પ્રવાસ - સુસુપ્તસક્તિનો વિકાસ - જીવનનો સાચો આનંદ.

★ ★ ★


Visit https://...onpapers... For More Papers!!!

1. નરસિંહ મહેતા 2. પદ, ભજન
3. પાયાવરી 4. નિરંજન ભગત
5. સમડી ને સંદેશો લઈ જવાનું કાર્ય સોંપે છે.
6. શ્યામ રંગની નજીક ન જવાનો.
7. અબુધ બાળકની
8. બાના આંસુ લૂછી શકતા નથી.
9. ચારેય દેવોમાં સૌ પ્રથમ ઈન્દ્રે અગ્નિ શાપ આપ્યો કે તેનું મુખ વાનરના જેવું થજો - અગ્નિએ ઈન્દ્રને શાપ આપ્યો કે તેનું મુખ રીંછના મુખ જેવું થજો - વરુણે મનમાં યમને શાપ આપ્યો કે તેનું મુખ બિલાડાના મુખ જેવું થજો. (યમે) ધર્મે વરુણને શાપ આપ્યો કે તેનું મુખ કૂતરાના મુખ જેવું થજો.
10. કપડામાં એક જૂનો સાડલો, મેલોદાટ મઘરો, કસવામી ચોળી અત્યંત ચીંથરેહાલ - ભાણીની મૂંઝવણ એનાં સાવ ચીંથરેહાલ કપડાંને જોરથી પછાડીને ધોવા સી રીતે ?
13. આત્મકથા ખંડ, જીવન પ્રસંગ
14. સત્યના પ્રયોગો 15. પ્રફુલ્લ નંદશંકર દવે
16. મુકુન્દરાય પારાશર્ય
17. કઈ વસ્તુ મગાય અને કઈ વસ્તુ ન મગાય એનો વિવેક હોતો નથી.
18. વિજુ ચાર ચોપડી ભણેલી હતી.
19. મણિભાઈનું શરીર દૂબળું પડી ગયું હતું સરકારને લાગ્યું કે જો વધારે સમય જેલમાં રહેશે તો તેની ઠાઠડી જ બહાર નીકળશે માટે ડરથી સરકારે મણિભાઈને છોડી મૂક્યા.
20. લેખિકાએ અમરનાથની યાત્રા સરસ પણીદાર ઘોડા દ્વારા કરી.

| | | |
|---|---|---|
| 25. પાવન; | પવિત્ર; | શુદ્ધ |
| 26. આકાશ; | નભ; | ગગન |
| 27. અખિલ; | સમસ્ત; | તમામ |
| 28. વસુધા; | પૃથ્વી; | ધરતી |
| 29. લવણ; | મીઠું; | સબરસ |

30. આ તો <u>મુખ્ય</u> ભાષા નથી.
31. આ વિભાગ <u>કૃત્રિમ</u> અને સફર નથી.
32. તે <u>નિરભિમાની</u> નથી.
33. ભગવાને <u>અસંમતિ</u> ન દર્શાવી.
34. તમારી વાત <u>ખોટી</u> નથી.
35. અવયવ 36. ઉપનિષદ
37. અનંત 38. શિષ્ટાચાર
39. સંગઠન 40. નાનો દરવાજો
41. વસ્ત્ર 42. સહાનુભૂતિ
43. પ્રતિનિધિ **અથવા** 43. આશીર્વાદ
44. કાચનાં 45. પહોળો
46. તો 47. જ
48. કરવા 49. મળેલા - ભૂતકદંત
50. લઈને
51. અર્થ - વિચારશૂન્ય થઈ જવું.
વાક્ય પ્રયોગ : સાસુના મ્હેણાટોણાં સાંભળીને મીનાનું મગજ એટલું તો બહેર મારી ગયું છે કે એને કંઈ કરવાનું સૂઝતું નથી.
52. અર્થ - અત્યંત ક્રોધ આવવો.
વાક્ય પ્રયોગ : આંતકીઓએ આપણા જવાનોને ક્રૂરતાથી મારી નાખ્યા એટલે પ્રજાનું લોહી ફૂલી ઊઠ્યું.

**<u>અથવા</u>**

52. અર્થ : હૃયની ચિંતા દૂર કરી દેવી
વાક્ય પ્રયોગ : સોહમ્ માતા-પિતાના હૃદયનો ભાર ઉતારવા અમેરિકાની નોકરી છોડી ભારતમાં આવીને વસ્યો.
53. મેં તો એ પહેલાં ક્યારેય શાક સમાર્યું નહોતું.
54. હું તમને બદી સગવડ અપાવીશ.
55. પાંચમી પેઢી જોવાની વાસના ડોશીને હતી જ.

**<u>અથવા</u>**

55. મેનાના હાથમાંથી સંચો નીચે પડ્યો.
56. (1) અગ્નિની સાક્ષીએ મિલન થયું હતું.
(2) અગ્નિની સાક્ષીએ જ જુદાં પડી રહ્યાં છે.
57. (1) કાશ્મીરનો વૈશાખ
(2) બેસી ગયેલી વસંતઋતુ
58. (1) ઓરડો નાનો હતો.
(2) ઓરડો સાદો હતો.
(3) ઓરડો ખૂબ ચીવટથી સજાવેલો હતો.
59. જ્યારે દેવરાજ કેમ્પના સ્ટેશને ઊતર્યો ત્યારે એને સૌ પહેલાં એની બાની યાદ આવી.
60. તત્ત્વમસિ કાવ્યો અને નાટકો લખે છે.
61. જો તમે વીસ લાખું જોખમ ઉઠાવો છો તો હું મારી સ્વતંત્રતાનું જોખમ ઉઠાવું છું.


Visit https://visionpapers.in For More Papers!!!

62. આઝાદી બાદ દેશમાં બરબાદી આવી ગઈ છે. દેશમાં લાંચરુશ્વત, ઢીલ, સત્તાદોર, કાળા બજાર, મોંઘવારી જેવા દૂષણો ખૂબ વધી ગયા છે.

63. પ્રત્યેક હિંદીની ફરજ છે કે તેણે પોતાની જાતને પૂછવું જોઈએ કે દેશના ભલા માટે તે શું કર્યું ?

64. કવિ દેશવાસીઓ પાસે અપેક્ષા રાખે છે કે દેશમાં જે દૂષણો વ્યાપી ગયા છે તે માટે બીજાને ગાળ દીધા વિના કે કોઈની નિંદા કર્યા વિના આપણે જ સાવધાન થવાની જરૂર છે. ધરતીને સ્વર્ગ જેવી આપણે જ બનાવવી પડશે.

65. સ્વાતંત્ર દિને કવિ પ્રાર્થના કરે છે કે દરેક હિંદી હિંદ છે અને દરેક હિંદી હિંદની જિંદગી છે એ ભાવના હૃદયમાં રાખી પૂર્ણ ખીલેલા કમળ જેવી જિંદગી સુવાસિત બનાવવી જોઈએ.

66. કાવ્યનું યોગ્ય શીર્ષક 'તે શું કર્યું ? અથવા સ્વાતંત્ર્ય દિનની બંદગી'

67. ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર છે.

68. સ્ત્રી અને પુરુષો બુદ્ધિ, કામકાજમાં વ્યસ્ત રાખવાની ટેવ તથા સર્વ વ્યવહારમાં દૂરદેશીપણે, કરકસરની બાબતોમાં તેમના વ્યાપારો અને વ્યવહારો જુદા પડે છે.

69. અમુક વય પછી સ્ત્રી પુરુષ બંનેના વ્યાપાર સાધારણ રીતે અલગ હોવાથી સ્ત્રી શિક્ષણ અલગ પડવું જોઈએ. આથી સુશિક્ષિત માતાઓ પેદા થાય છે.

70. દેશની પાયમાલી સ્ત્રી શિક્ષણ ઉપર ધ્યાન ન આપવાની થાય છે. સ્ત્રીની ઉન્નતિમાં સર્વની ઉન્નતિ છે.

71. 'સ્ત્રી સન્માન' અથવા 'સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ'

Visit https://visionpapers.in For More Papers!!!